**સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી**
**સરદારકૃષિનગર–૩૮૫ ૫૦૬**
**<u>જિલ્લો : બનાસકાંઠા</u>**

**સાતમું પગારપંચ શૈક્ષણિક સંવર્ગ**

**<u>અત્યંત જરૂરી / અગત્યનું</u>**
**<u>સમયમર્યાદા</u>**

## –:: <u>પરિપત્ર</u> ::–

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ–યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, સરકારશ્રી તરફથી કૃષિ યુનિવસિર્ટીઓમાં ફરજ બજાવતા શૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ ટૂંક સમયમાં મળનાર હોઈ આપની કચેરી હસ્તક ફરજ બજાવતા તમામ શૈક્ષણિક કર્મચારીઓની સેવાપોથી તથા રેકર્ડ ચકાસીને કોઈ કર્મચારીની IFMSમાં ઈવેન્ટ ઉમેરાવવાની બાકી રહી જવા પામેલ હોય તો તાત્કાલિક **વળતી ટપાલે ઓડીટ ઓફીસરશ્રી મારફત ૦૨ (બે) નકલમાં આધાર સહીત દરખાસ્ત મોકલી આપવી.**

વધુમાં જણાવવાનું કે, જો IFMS માં તમામ ઈવેન્ટ ઉમેરાઈ ગઈ હોય તો સાતમા પગારપંચની અમલવારી યુનિવર્સિટીમાં થાય ત્યારે કોઈ મુશ્કેલી પડે નહી અને સમયસર પગાર ફીકશેસનની કામગીરી પૂર્ણ કરી શકાય તે માટે **આ સાથે સામેલ રાખેલ ચેકલીસ્ટ મુજબ આપની કચેરીમાં ફરજ બજાવતા શૈક્ષણિક સંવર્ગના અધિકારી / કર્મચારીઓની માહિતી કર્મચારીવાર અલગ અલગ આ સાથે સામેલ પ્રફોર્મા મુજબ તૈયાર રાખવી. સદર માહિતી તેમજ જે તે કર્મચારી/અધિકારીઓની અસલ સેવાપોથીઓ સહીત કચેરીના જવાબદાર કર્મચારીને જયારે અત્રેથી બોલાવવામાં આવે ત્યારે અચૂક હાજર રહેવાનું રહેશે.**

પ્રસ્તુત પરિપત્ર યુનિવર્સિટી કામકાજના હિતમાં જારી કરવામાં આવે છે, જેનો સબંધકર્તા સર્વેએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**સામેલ : ઉપર મુજબ.**

**(એમ.આર.પ્રજાપતિ)**
**કુલસચિવ**

**જા.નં.સદાંકૃયુ/રજી/એડીએમ–૧.૨/૨૯૦૪-૨૯૨૪ /૨૦૧૯,**
**તા.૧૦.૪.૨૦૧૯.**

**<u>નકલ રવાના જાણ તેમજ ઘટતું થવા સારુ</u> :–**
–આ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ.
–પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, સેકટર–૧૦/એ, પોડીયમ લેવલ, ગાંધીનગર–૩૮૨૦૧૦.
–માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર.
–આ વિભાગની તમામ શાખા.
–પગાર મુકરર સમિતીના સભ્યશ્રીઓ. (મારફત : કચેરી / શાખા)
–આ શાખાના ટેબલ નં.૧.૨ તરફ.
–હુકમ / સિલેકટ ફાઈલ.

Local Disk (E) 2016 Paripatra